# ઉમાશંકર અને લાભશંકરની ગુજરાતી મુક્ત દીર્ઘ કવિતા

ડો. સંકેત આર. પારેખ
એસોસિયેટ પ્રોફેસર,
ગુજરાતી વિભાગ,
ડી. એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
ડીસા.

કોઇ પણ સર્જક એના યુગનું સંતાન હોય છે. જમાનાની વત્તા-ઓછી અસર સર્જક પર ઝિલાતી જ હોય છે. આ યુગચેતનાને શબ્દરૂપ આપવા માટે સર્જક નવી- નવી તરેહોની શોધ કરતો હોય છે. આવી શોધ પ્રક્રિયામાંથી જ નવા ઉન્મેષો પ્રગટતા હોય. કહી શકાય કે મુક્ત દીર્ઘ કવિતા સ્વાતંત્ર્યોત્તર  ગુજરાતી કવિતામાં પ્રગટેલો આવો જ એક નવોન્મેષ છે. ૧૯૫૫-૫૬ ના ગાળામાં નવીન અનુભૂતિનો આવિષ્કાર કરતાં માધ્યમોમાં જે પરિવર્તનો આવ્યા એને ઝીલવા 'છંદનાં ઝાંઝર' માફક આવે તેમ ન હોતા. આ સમયગાળામાં ઊર્મિ-સંવેદના તહસ-નહસ થવા લાગી. આ ચેતનાને ઝીલવા માટે 'ઊર્મિ' શબ્દ જ પર્યાપ્ત ન હોતો. બલકે કોઇક પ્રકારનો અ-ભાવ, વિ-ભાવ સંસ્કૃતિમાં ઘૂમરાતો હતો. હતાશાની ભીંસ હતી, શૂન્યતાનો ઘેરાવ હતો.આ નાવિન્યપૂર્ણ યુગચેતનાને ઝીલવા રૂઢ ભાષા, રૂઢ સ્વરૂપો પ્રતિકૂળ હતા. એ આ પ્રક્રિયાના ભાગરૂપે અછાંદસ દીર્ઘ કવિતા પાસે આવીને કવિ ઉભો રહ્યો.

'મુક્ત દીર્ઘ કવિતા' ના કોઇ ચોક્કસ સ્વરૂપ- લક્ષણો જણાતા નથી. 'દીર્ઘ કવિતા' સંજ્ઞા સમજવા માટે ચિત્રકલામાં પ્રયોજાતો 'ફ્રીહેન્ડ ડ્રોઇંગ' શબ્દસમૂહ મદદમાં આવ્યો. આ ડ્રોઇંગમાં જેમ એક પ્રકારની મુક્તિ હોય છે, એમ 'દીર્ઘ કવિતા' માં પણ એક પ્રકારની મુક્તિ હોય છે. યુક્તિ છે પણ સ્વચ્છંદતા નહિ. ચિત્રમાં જે રીતે રેખાઓની આંતરિક સમતુલા રચવી જરૂરી છે, એમ કાવ્યમાં પણ આંતરિક સમતુલા ઊભી કરવી અનિવાર્ય છે. કવિએ સ્વીકૃત કરેલા ભાષાલયની એના મુખ્ય કથયિતવ્ય સાથેની સમતુલાને આધારે આવું કાવ્યસ્વરૂપ સુનિશ્ચિત થઈ શકે. આ વિચાર-દ્રષ્ટિએ ગુજરાતિ કવિતામાં પ્રગટેલા નવા વલણને 'મુક્ત દીર્ઘ કવિતા'તરીકે ઓળખાવવાનું સ્વીકાર્યુ.

આપણે ત્યાં પણ 'દીર્ઘ કવિતા' હતી, પરંતુ ૧૯૫૫-'૫૬  ના ગાળામાં રચાયેલી 'મુક્ત દીર્ઘ કવિતા' ને એની સાથે ભાગ્યે જ કશો સબંધ હતો. રૂપવિધાન, ઉપાદાન અને સામગ્રીમાં આ નવી 'મુક્ત દીર્ઘ કવિતા' તદ્દન અનોખી છે. એનુ ચાલક બળ પશ્ચિમી સંસ્કૃતિએ આપેલાં આધુનિક મૂલ્યો છે.

સુરેશ જોશી, સિતાંશુ યશચંદ્ર અને લાભશંકર ઠાકર આધુનિક અછાંદસના અડીખમ આરાધકો છે. 'ઇતરા' સંગ્રહમાં સુરેશ જોશીએ આ પ્રકારની સબળ રચના આપી. આ વાતાવરણનો ઉચિત લાભ લઈને સંવાદિતાના સાધક એવા ઉમાશંકર જોશીએ પણ 'છિન્ન-ભિન્ન છું' જેવો ઉદગાર સર્જી પોતાની વેરવિખેર સંવેદનાઓને-ભંગુરતાને અછાંદસના

રૂપમાં વ્યક્ત કરી. આ કાવ્યનો આરંભ ઉદ્દ્ઘોષણાના રૂપમાં થાય છે. કાવ્યના આરંભે મૂકેલી ઉપમાઓ વિચ્છિન્નતાના કાવ્યકથિત સૂરને ઉપસાવવામાં કારગત બનતી નથી.

ઉદા. તરીકે જોઈએ તો-

છિન્ન-ભિન્ન છું

નિશ્છંદ કવિતામાં ધબકવા કરવા લય સમો,

માનવજાતિના જીવનપટ પર ઉપસવા મથતી કોઈ ભાત જેવો,

ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ લાગ્યા ભિક્ષુકના ટુક જેમ,વિચ્છિન્ન છું.

કોણ બોલી ? કોકિલા કે ?

જાણે સ્વિચ ઓફ કરી દઉં

તરુઘટામાં ગાજતો આ બુલબુલાટ-

કુદરતના શું રેડિયોનો

સાંસ્કૃતિક કો કાર્યક્રમ !

ચાંપ બંધ કરી દઉં ? શું કરું એને હું?

વસંતપંચમી કેમ આવીને કેમ ગઈ,

મને ખબર સરખી ના રહી !

ઉપર્યુક્ત પંક્તિઓ જોતા જણાય છે કે- 'નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય', ' ઊપસવા મથતી કોઈ ભાત' જેવા ઉપમાનો તો ખંડ કરતાં અ-ખંડને જ વધુ તાકે છે. 'નવ- હાથ-લાગ્યા' નો સમાસ બદલાઈ રહેલી ભાષા તરેહનો વાચક છે. ઉમાશંકરની લેખિનીએ 'છિન્ન-ભિન્ન છું' કહ્યા પછી ' વિચ્છિન્ન છું' શબ્દો વચ્ચે એકવીસ શબ્દોનું અંતર હોવા છતાં એ બન્ને વચ્ચેનું પ્રાસત્વ સિધ્ધ કરવામાં સારો એવો કસબ દર્શાવ્યો છે. પ્રાસથી દૂર રાખવામાં 'સમો','જેવો','જેમ'- એમ ઉપમાવાચક શબ્દો બદલતા રહ્યા તેમાં કવિની સફળતા છે.

'બુલબુલાટ' જેવો લક્ષણામૂલક ભાવવાચક શબ્દ રમ્ય છે, પણ 'સ્વિચ ઓફ કરી દઉં' કહ્યા પછી 'ચાંપ બંધ કરી દઉં?' જેવું અનુવાદ કર્મ કરવા પાછળનો હેતુ સ્પષ્ટ થતો નથી. 'કુદરતના શું રેડિયોનો સાંસ્કૃતિક કો કાર્યક્રમ'! કે 'દુનિયાનો છેક જ છે જીવ તું' માંનો પદક્રમ અત્યંત કૃત્રિમ તથા લયવિહિન લાગે છે. કાવ્યમાં વચ્ચે પ્રસ્તાર, વિચારભાર અને મુખરતા છે.

જો કે, 'રાગમૂર્તિ'....થી 'ત્યાગમૂર્તિ નમો નમ.' સુધીના પંક્તિખંડમાં સંસ્કૃત તત્સમ શબ્દોની રચાતી આવેલી વાગ્મિતા અને નાટ્યાત્મકતાનો પ્રભાવક અનુભવ કરાવે છે. 'દુનિયા તો દુનિયાદારીમાં માનતી નથી જ નથી' થી શરૂ થતાં ત્રણેક પંકતિઓના ખંડમાં'નથી' નાં આવર્તનો દ્વારા વાગ્મિતા સિધ્ધ થઈ છે.' ખિન્ન',' કિલન્ન','ભિન્ન', ' છિન્ન',' દિન' જેવા સાદશ્યાત્મક શબ્દોથી નાદસૌંદર્યની સાથે અર્થસૌંદર્ય પણ સધાયું છે. આ ભાષા છિન્ન ભિન્ન નથી, બરાબર વ્યવસ્થિત ગોઠવાયેલી છે. એની અહીં પ્રતીતિ થાય છે.

'કવિતા આત્માની માતૃભાષા' અને 'પુષ્પો મારી કવિતાના તાજ-બ- તાજ શબ્દો કહેનાર આ કવિ 'ક્યારેક તો શબ્દોમાં સરસ્વતી લુપ્ત થતી' કે 'પડઘાનો દેશ આ શબ્દ નહીં, પ્રતિશબ્દ પૂજાતો જ્યાં' જેવું પણ અનુભવે છે. 'ક્યાં છે કવિતા?' જેવો સુંદરમના 'ધ્રુવપદ  કયહીં' જેવો પ્રશ્ન સતત ઘૂમતો રહે છે. 'પ્રભુકવિ અને 'પ્રકભુવિ' માં કેવળ શબ્દરમત છે. સમગ્ર યુગની સંવેદનાને પ્રગટ કરતા હોય એમ કવિ એક પ્રકારની 'અન-રોમેન્ટિક' ઉદાસીનતાની જિકર પણ સમુચિત રીતે કરે છે.

લાભશંકર ઠાકરની 'દીર્ઘ કવિતા' ની વાત કરીએ તો 'પ્રવાહણ' વિષયપસંદગીને કારણે તો વિલક્ષણ છે જ પણ લાભશંકરીય વિચારમુદ્રા અને ભાષાપ્રબંધને કારણે પણ વિલક્ષણ છે. સળંગ વાક્યો કે પંક્તિઓ નહીં પણ શબ્દોદ્ગારો અહીં છે. જાણે કશું પુરું થતું નથી એ દર્શાવવા જેમ કે-

"ઊં..હ, ઊં..હ/ તરબૂચ-ટેટી-હોદ્દો- ગાદી-લૂંટફાટ-ઋણવિદ્યુત – લીલમ ગાર્ભાધાન- અચેતન- ગાંડુ- ઈન્ટરલોક-નિવેદન-દૂષણ / સ્ટ્રેટજી- સ્ટ્રેટેજમ-રુખસદ- તત્કાલીન/ વીરર્હેડ્ઝ- મિઝાઈલ –કિટિ' આમ તો આમાંના મોટાભાગના શબ્દો છાપાળવા છે : કવિએ એક અન્ય સ્થળે પ્રયોજેલા ઉપમાનને ખપમાં લઈને કહીએ તો ' પૂંછડી વિનાનું એક પંખી પોપટ જેવું'. લાભશંકરીય પ્રાસાત્મકતા પણ સાધન્ત જોવા મળે છે. જોકે ઘણે સ્થળે કરામતી શબ્દ-પ્રાસરમતો પણ છે. જેમાં અંગ્રેજી-હિંદી, વ્રજ, મધ્યકાલીન, સોરઠી અને માન્ય ગુજરાતીનાં સંમિશ્રણો રચતાં આવે.  જેમ કે –

'અહં બ્રહ્માસ્મિ, જરાક જરાક ઊંચકાતી આંધી
ધન્ય સૌરાષ્ટ્રની ધરતી, જેણે આપ્યા ગાંઠિયા અને ગાંધી.
તારા યૌવનનો દોષ છે શંકુતલા ટાઈટ તંગ- એક જ અંગ
વસન રહિત તારુણી, પ્રલંબ પેગવારુણી,
તિક્કા-ખિરી-ચાંપ –ખાખા કર્યુ છે ખાંતથી અગિયાર મોએ

પી પી કર્યુ છે.

ચાખ ચાખ કર્યુ છે.

ચૂસ ચૂસ કર્યુ છે.

ચાવ ચાવ કર્યુ છે.

મમળાવ્યા કર્યુ છે, વાગોળ્યા કર્યુ છે.

કાનથી,

આંખથી, જીભથી, ચામડીથી

હું સ્ત્રોતોમય પુરુષ-

કમોડ પર બેઠેલી અપરિપક્વ અમ્લ, આફરો ચઢેલી બંધકોષગ્રસ્ત (સંસ્કૃતિ) ચેતનાનું અહીં સરોષ આકલન થયું છે. – કહો કે રોગ પારખ્યો છે આ નાડીવૈદ્યે ! પણ કોની પાસે છે વિરેચનનુસખો? – કવિએ ‘વિષ્ટા વિઝન’ જેવો નવો સંકર સમાસ સરજીને એમની શબ્દસરજતનો એક સજ્જડ પુરાવો આપ્યો છે. જો કે કાવ્યમાં વિચાર અને વાણી વિગલિત્ત બનતાં નથી. વિચારના ગાંગડા અહીં તહીં અથડાયા કરે છે. તેમના ‘પ્રવાહણ’ માંથી બે- ત્રણ વધુ દ્રષ્ટાંતો જોઈએ.-

‘નિરખને ગગનવાળા આકાશમાં ઘોડાગાડી ચલાવતા નરસિંહ મહેતા, ને મનમુદા કહું મામેરુ મહેતાતાણુંવાળા પ્રેમાનંદ,

મારા સૂરજભાભુ, ચેખોવની વાતું, પિટર હેંકી ને એવું તો ઘણું બધું.<br>
વીણ્યું વીણાય નહીં, ગણ્યું ગણાય નહીં,<br>
ગાયું ગવાય નહીં, વાવ્યું વવાય નહીં.<br>
પડયું છે શિલાવત સંઘાત પામીને ,<br>
સ્થિર સજડબમ, ઊંહ... ઊંહ....<br>
અરે કોઈ હૈ ?<br>
હૈ તો હટાવો ઈસ મોબોક્રસીકો, ઊં...હ... ઊં.....હ....<br>
નથિંગ ટુ બી ડન .

વનમાં<br>
મનમાં<br>
તનમાં<br>
ધનમાં<br>
સળગતા સનમાં<br>
વૈદેહી<br>
મારી કાવ્યચેતના.

કાવ્યનાયક્ને એક સાથે આત્મવિલોપન અને આત્મઊપલબ્ધિનો સતત અનુભવ થતો હોય છે. અને એક સાથે તાદાત્મ્ય પણ ખરુ અને એક સાથે તાટસ્થ્યનો પણ અનુભવ થાય છે. આ માણસની વાત કેવળ રીતિ- અવનવી

નિરૂપણરીતિથી કરી છે. સંપ્રજ્ઞના સર્જક છે લાભશંકર ઠાકર. અને પોતાના પોતમાં વણાઇ ગયેલા સાંપ્રજ્ઞના તારતમ્ય શોધવામાં-સાંધવામાં અને પોતાના સમયના તારતંતુ શોધવામાં શબ્દચેતનાથી અર્થચેતના સુધી પહોંચવામાં તેઓ પૂરેપૂરા ખાબકી જાય છે અથવા ડૂબી જાય છે. માનવમનના મૂળિયા હચમચાવતી કાવ્યવસ્તુ અવનવી રીતે-ઢબે વ્યક્ત કરી છે. તેમની કવિતાઓ નખશિખ આધુનિક્તાનો ઓપ આપે છે, અવનવી આધુનિક મુદ્રા ધારણ કરે છે. નાના કદની ઊર્મિકવિતાઓ સૌથી વધારે રચતા હતા ત્યારે લાભશંકર ઠાકરે આ આધુનિક્તાને – આ મુક્તતાને આત્મસાત કરી લીધી હતી. લયના વિવિધ આવર્તનો તેમની આ દીર્ઘ મુક્ત રચનાઓમાં રચાય છે. અછાંદસ સ-રસ કાવ્યો તેમણે રચ્યા છે. કવિનું વક્તવ્ય સતત રસનો વિષય અહીં બનતું આવ્યું છે. ગતિશીલ કલ્પના, ભાષાની મુક્ત પ્રૌઢિ-છટા, અને સહજ સ્ફુરિત પ્રવાહિતાને કારણે તેમની રચનાઓ અન્ય કવિઓથી જુદી પડે છે.

.............